# સહકાર વિભાગની માંગણી ઉપરનું માનનીય મંત્રીશ્રીનું પ્રવચન

**માનનીય અધ્યક્ષશ્રી,**

- આજે મહાન સ્વાતંત્ર્ય સેનાની વીર સાવરકરજીની પૂણ્યતિથિ છે. શ્રદ્ધૈય અટલજી સાવરકરજીને યાદ કરતાં કહેતા કે,
    - **સાવરકર માને તેજ,**
    - **સાવરકર માને ત્યાગ,**
    - **સાવરકર માને તપ,**
    - **સાવરકર માને તત્વ,**
    - **સાવરકર માને તર્ક,**
    - **સાવરકર માને તારુણ્ય,**
    - **સારવકર માને તીર...**

વીર સાવરકરજીનું સંઘર્ષમય જીવન પ્રત્યેક રાષ્ટ્રભક્ત માટે પ્રેરણારૂપ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- **આજે અમદાવાદ શહેરનો સ્થાપના દિવસ છે.**
- **નગરદેવી માઁ ભદ્રકાળીના આશીર્વાદ થી વિકસિત ગુજરાતમાં પોતાનું યોગદાન આપનાર ભારતના પ્રથમ વર્લ્ડ હેરીટેજ સીટી અમદાવાદના સૌ શહેરીજનોને શુભકામનાઓ પાઠવું છું.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

- આજે સન્માનનીય ગૃહ સમક્ષ વર્ષ 2024–25 ના વર્ષ માટે **સહકાર વિભાગની રૂ.1515.78 કરોડની માંગણી લઈ ઉપસ્થિત થયો છું.**
- **22 મી જાન્યુઆરીએ રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન થઇ અને 22 મી ફેબ્રુઆરીએ ગુજરાત કો. ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનની સુવર્ણ જયંતીની ઉજવણી દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની ઉપસ્થિતિમાં આપણે વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કરી.**
- **આ પ્રસંગે માનનીય વડાપ્રધાનશ્રીએ અમૂલ ડેરી–ખેડા, સાબરડેરી, સરહદ ડેરી, દૂધધારા ડેરી–ભરૂચ તથા રાજકોટ ડેરીના વિવિધ પ્લાન્ટના 958 કરોડના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું.**
- સહકાર મંત્રી તરીકે અમૂલ સાથે સંકળાયેલા સૌ લોકોને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું.

**ભારતનું ભવિષ્ય 4 વર્ગના કલ્યાણથી વિકસિત થવાનું છે.**

**'GYAN': G – ગરીબ, Y – યુવા, A – અન્નદાતા (કિસાન), N – નારી શક્તિ**

**માનનીય અધ્યક્ષશ્રી,**

- આઝાદીના અમૃતકાળની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે હું ચોક્કસથી ગર્વ સાથે કહીશ કે છેવાડાના માનવીનું કલ્યાણ થાય,
- એ વ્યક્તિ કોઈપણ ધર્મનો હોય કોઈપણ જ્ઞાતિનો હોય, આ તમામનો સર્વાંગીણ વિકાસ થાય તે માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ખભે થી ખભા મિલાવીને પોતાનું શ્રેષ્ઠ આપવાનો પ્રયત્ન કરી રહી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- જરૂરિયાતમંદ પરિવારના કલ્યાણની દિશામાં માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ટીમ ગુજરાત સતત અને અવિરત પ્રયત્ન કરી રહી છે.

**માનનીય અદ્યક્ષશ્રી,**

- કેન્દ્રના સહકારિતા મંત્રાલયને પોતાના આગવા વિઝન અને મિશનથી સાચા અર્થમાં વાઈબ્રન્ટ બનાવનાર,
  - **સહકારી નીતિ,**
  - **સહકારી યુનિવર્સિટી,**
  - **પેક્સ કોમ્પ્યુટરરાઈઝેશન,**
  - **નેશનલ કો ઓપરેટિવ ડેટાબેઝ પોર્ટલ**

  જેવા નવા આયામો ઊભા કરી સરકાર અને સહકાર શુભકામન્વય સાધનાર એવા માનનીય શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સમગ્ર દેશ **“સહકાર થી સમૃદ્ધિ”**ના મંત્રને આત્મસાત કરી આગળ વધી રહ્યો છે.

**માનનીય અદ્યક્ષશ્રી,**

- સહકારી પ્રવૃત્તિ **"ડબલિંગ ઓફ ફેમિલી ઈનકમ"** ના સિદ્ધાંત ઉપર કામ કરે છે. આ પ્રવૃત્તિ સાથે પુરુષ અને મહિલા બંને જોડાય છે, તેથી પરિવારની બેવડી આવક ઊભી થાય છે અને વિકાસ પણ બમણો થાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- **હું ગર્વ સાથે જણાવીશ કે હું એ વિભાગનું પ્રતિનિધિત્વ કરું છું કે જેની સમગ્ર રાજ્યમાં 87,000 કરતાં વધુ સહકારી સંસ્થાઓ સાથે 1 કરોડ 71 લાખ જેટલા સભાસદો જોડાયેલા છે. આમ દર ચોથો ગુજરાતી સહકારી સંસ્થાનો સભાસદ છે.**
- સહકાર વિભાગ સંકલ્પિત છે કે સહકાર વિભાગ પોતાની રૂઢિગત પરંપરાઓ અને વિચારસરણીમાંથી બહાર આવીને ટેકનોલોજીના ઉપયોગ દ્વારા સભાસદોના હિતમાં મહત્તમ કાર્યો કરી રહ્યો છે અને તેના ભાગરૂપે,
  - **ગુડ ગવર્નન્સ**
  - **સહકારી મંડળીઓ નું ઓનલાઈન રજીસ્ટ્રેશન,**
  - **પેક્સ કોમ્પ્યુટરાઈઝેશન,**
  - **નેશનલ કો ઓપરેટિવ ડેટાબેઝ પોર્ટલ,**
  - **ઈ કો–ઓપરેટીવ પોર્ટલ,**
  - **નાણા ધીરનાર ધીરદારોનું ઓનલાઇન રજિસ્ટ્રેશન,**
  - **બોર્ડ ઓફ નોમીનીઝ અને અપીલ કેસોનું ઓનલાઇન સ્ટેટસ જેવા initiative લીધા છે.**

## સહકાર વિભાગની મહત્વની સિધ્ધીઓ

**માનનીય અધ્યક્ષશ્રી,**

- રાજયના ખેડૂતોને આ નાણાકીય વર્ષમાં કુલ પાક ધિરાણ પર વ્યાજ સહાય તરીકે રૂ.1371 કરોડની ચુકવણી કરવામાં આવી રહેલ છે.
- **આ નાણાકીય વર્ષની રૂ.1000 કરોડ ની ખેડૂતોને વ્યાજ સહાય ચૂકવવાની યોજનાનો સંપૂણ અમલ કરવામાં આવેલ છે.**
- અમારી આ સરકારના ગત એક વર્ષના સમયમાં જ **સહકારી મંડળીઓના 57,574** થી **વધુ સભાસદોને તાલીમ આપવાની કામગીરી કરવામાં આવેલ છે**, જેમાં ઈનોવેટીવ પ્રકારની સહકારી મંડળીઓની માહિતિનો પણ સમાવેશ થાય છે.
- **રાજ્યમાં ઈનોવેટીવ એટલે કે નવીન પ્રકારની સહકારી મંડળીઓની નોંધણી કરવામાં આવી રહેલ છે. જેવી કે.. કમ્પ્યુટર ઓપરેટર, ડ્રાયવર અને હોમ-કેર વગેરે.**
- આવી ઈનોવેટીવ મંડળીઓની નોંધણી માટે સરકાર દ્વારા મોડેલ પેટા નિયમો (બાયલોઝ) પણ તૈયાર કરવામાં આવેલ છે.

- ખેડૂતોને **જમીનના મહેસુલી રેકર્ડ જેવા કે, 7/12 તેમજ સરકારની વિવિધ યોજનાઓ માટે આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવા તથા અન્ય ખેડૂતલક્ષી માહિતી મળે** તે હેતુથી રાજ્યની **61 બજાર સમિતિઓમાં ખેડૂત સહાય કેન્દ્ર આ સરકારની રચનાના 60 દિવસમાં જ કરવામાં આવેલ છે.**
- તેમજ બાકીની APMC માં આગામી સમયમાં ખેડૂત સહાય કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું સપનું છે કે ગામડાઓને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાથે જોડવા.
- ખેડૂતોની સહકારી મંડળી એટલે પેક્સ, આ મંડળીઓને અદ્યતન તથા સુદ્રઢ બનાવવાનું બીડું કેંદ્ર સરકાર અને ગુજરાત સરકારે ઝડપ્યું છે, **ત્યારે પ્રથમ તબક્કામાં 5000 વધુ પેક્સની પસંદગી કરવામાં આવેલ છે, જેમાં**
- આગામી સમયમાં ડીઝીટલ કામગીરી માટે કમ્પ્યુટર હાર્ડવેર તથા સોફ્ટવેર પૂરા પાડવામાં આવનાર છે, જે એક નવા યુગની ગ્રામ્ય ક્ષેત્રે શરૂઆત કરાવશે.

- **મને જણાવતા આનંદ થાય છે કે, 2 દિવસ પહેલાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજી તથા કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં દિલ્હી ખાતે સહકારીતા ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી અન્ન ભંડારણ યોજના અને PACS નું કોમ્પ્યુટરાઈઝેશનની શરૂઆત કરાઈ.**
- 11 PACS ગોડાઉનનું લોકાર્પણ તેમજ 500 PACS ના ગોડાઉનનું ખાતમુર્હત કરીને સહકાર થી સમૃધ્ધિની દિશામાં એક નવો અધ્યાય જોડાયો છે.
- **PACS ના કોમ્પ્યુટરાઈઝેશનથી ક્રેડીટ, બચત ખાતા અને બેંકિંગ સુવિધાઓ જેવી સેવાઓ ગ્રામ્ય સમુદાયો સુધી પહોંચવાની છે.**
- આ પ્રસંગે માનનીય વડાપ્રધાનશ્રી એ સહકારી સંસ્થાઓ વચ્ચે સ્પર્ધાત્મકતા સ્થાપિત કરવા પર પણ ખાસ અનુરોધ કર્યો છે. જે ખૂબ નોંધનીય બાબત છે.
- **ગુજરાત રાજ્યમાં પેક્સ, ફીશરીઝ, દૂધ મંડળીઓની તથા હાઉસીંગ તેમજ અન્ય મંડળીઓની ઓનલાઈન વિગતો માટે ભારત સરકાર દ્વારા પોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે, જેમાં રાજ્ય સરકારના સહયોગથી વિગતો ભરવામાં આવેલ છે.**

- તમામ જિલ્લાના જિલ્લા રજિસ્ટ્રારને નોડલ અધિકારી બનાવવામાં આવેલ છે, તથા તમામ નોડલ અધિકારીની કચેરીને કેટલાક ઈન્ટર્ન્સની ફાળવણી કરવામાં આવેલ છે કે જેઓએ ડેટા એન્ટ્રી કરેલ છે, **રાજ્યમાં 81 હજાર થી વધુ સહકારી મંડળીઓની ડેટા એન્ટ્રી થયેલ છે, આમ મહત્તમ કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.**
- રાજય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ સહકારી મંડળીઓની નોંધણી માટેના પોર્ટલ પર વર્ષ **2017 થી અત્યાર સુધીમાં 11 હજાર થી પણ વધારે સહકારી મંડળીઓની નોંધણી કરવામાં આવેલ છે.**
- સહકાર વિભાગ દ્વારા પણ સહકારી મંડળીઓ તથા નાણા–ધીરધાર સંલગ્ન કામગીરીને વધુ સુવ્યસ્થિત કરવા માટે **માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ ના હસ્તે ઈ–કોઓપરેટીવ પોર્ટલનું લોંચિંગ** કરવામાં આવેલ હતું,
- જેમાં અત્યાર સુધીમાં **7099 નાણા ધીરધાર કરનારાઓ દ્વારા રજિસ્ટ્રેશન** કરવામાં આવેલ છે, જ્યારે બોર્ડ ઓફ નોમીનીઝ ના **કુલ 340 લવાદ કેસો**ની અપીલ પૈકી **203 કેસોનો નિકાલ** કરવામાં આવેલ છે.

- બજાર સમિતિઓમાં વિવિધ માળખાગત સુવિધાઓ પુરી પાડવાના કામ જેવાં કે,
  - ઓકશન શેડ,
  - આંતરીક પાકા રસ્તાઓ,
  - માર્કેટીંગ યાર્ડ,
  - ફેન્સીંગ દિવાલ ગેટ સાથે,
  - ખેડૂત કેન્ટીન,
  - ઓફિસ બિલ્ડીંગ,
  - શોપ કમ ગોડાઉન,
  - લાઈટ વ્યવસ્થા,
  - ફાર્મિંગ ટેસ્ટીંગ સેન્ટર,
  - શૌચાલય અને બાથરૂમ,
  - ખેડૂત ગોડાઉન



- જે માટેની અત્યાર સુધી કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ રાજયની કુલ-188 બજાર સમિતિઓને રૂ.333.53 કરોડ જેટલી માતબરની સહાય ચુકવવામાં આવેલ છે.
- બજાર સમિતિઓને આધુનિકરણ માટે રૂ.77.46 કરોડ જેટલી સહાય ચુકવવામાં આવેલ છે.

- કોરોના સમયમાં નાના વેપારીઓ અને જરૂરીયાતમંદને મદદરૂપ થવા માટે સરકાર દ્વારા **આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના−1 અને 2 અમલમાં મુકેલ.**
    - **જેમાં અત્યારસુધી 2,06,290 લાભાર્થીઓને રૂપિયા 2506.99 કરોડનું ધિરાણ મંજૂર કરવામાં આવેલ છે.**
    - **જે માટે રાજ્ય સરકાર દ્વારા 288.31 કરોડની વ્યાજ સહાયનું ચુકવણું કરવામાં આવેલ છે.**
    - મને જણાવતા આનંદ થાય છે કે, નાના વેપારીઓને આપવામાં આવેલ આ લોન માટે કોઈ જામીનગીરી લેવામાં આવેલ નથી અને વર્ષ 2020માં આપેલ આ લોનો સંપૂર્ણ સમય મર્યાદામાં પરત મળેલ છે. જે ગુજરાતના નાના વેપારીઓની પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ છે.
- **ખેડુતોએ બનાવેલ ગોડાઉન ઉપર ગોડાઉન બાંધકામના 25% મુજબ કેપીટલ સબસીડી મહત્તમ રૂ.5.00 લાખની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. જે અંતર્ગત,**
    - લાભાર્થીઓને **રૂ.32.91 કરોડની સહાય આપવામાં આવેલ છે.**
    - રાજયમાં ખેડૂતોની પાક સંગ્રહની કરવાની ક્ષમતામાં **2,36,000 મેટ્રીક ટનનો વધારો થયેલ છે, જે અમારી સરકારની અભૂતપૂર્વ સિદ્દિધ છે.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

આપને અભિનંદન આપતા આ સન્માનનીય ગૃહ સમક્ષ ઐતિહાસિક MOU ની વાત જણાવવા માગુ છું.

**બનાસડેરી, એન.ડી.ડી.બી. અને સુઝુકી વચ્ચે એમ.ઓ.યુ. થયા.**

- **આ પ્રોજેક્ટ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને પરિપૂર્ણ કરે છે.**
- **એન.ડી.ડી.બી., સુઝુકી અને બનાસ ડેરીએ ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં કોમ્પ્રેસ્ડ બાયો મિથેન ગેસ પેદા કરવા માટે ગોબર થી સંચાલિત થતા 4 બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટે એમ.ઓ.યુ. કર્યા છે.**
- સુઝુકી 230 કરોડ રૂપિયા ફાળવશે.
- ચારમાંથી પ્રત્યેક પ્લાન્ટની દૈનિક ક્ષમતા 100 ટન હશે, કુલ 4,00,000 કિલો છાણ દરરોજ એકત્રિત કરવામાં આવશે.
- **સીએનજી સ્ટેશનો:** આ પહેલના ભાગરૂપે, બાયોસીએનજીના વેચાણની સુવિધા માટે આશરે ચાર સીએનજી સ્ટેશનો સ્થાપિત કરવામાં આવશે. આનાથી બનાસકાંઠાના ખેડૂતોને માત્ર સેન્દ્રિય ખાતર જ નહીં પરંતુ રાસાયણિકમાંથી જૈવિક ખાતરમાં પરિવર્તનને પણ સમર્થન મળશે.
- આ પ્રોજેક્ટ **"વેસ્ટ ટુ વેલ્થ" ને "વેસ્ટ ટુ એનર્જી"** સુધી વિસ્તારવામાં મદદરૂપ થશે.

- ઓટોમોબાઈલ અને ડેરી સેક્ટર એકબીજાના સહયોગથી કાર્ય કરી રહ્યા છે.
- આ પ્રોજેક્ટ માટે બનાસ ડેરી જમીનની વ્યવસ્થા અને પ્લાન્ટનું સંચાલન કરશે.
- કોમ્પ્રેસ્ડ બાયો મિથેલ ગેસ ઉત્પન્ન કરવા માટે બાયો ગેસનું શુધ્ધિકરણ કરી તેને કોમ્પ્રેસ્ડ કરવામાં આવશે.
- બાયોગેસ પ્લાન્ટમાં ઉત્પન્ન થયેલ સ્લરીનો ઉપયોગ જૈવિક ખાતરનું ઉત્પાદન કરવા માટે કરવામા આવશે. જે રાસાયણિક ખાતરનો ઉપયોગ ઘટાડવા તેમજ સોઈલ ક્વોલીટી સુધારવામાં મદદરૂપ થશે.
- **દૂધ સંઘ દ્વારા ખેડૂતોના ઘરેથી ડોર ટુ ડોર છાણનું એકત્રીકરણ કરવામાં આવશે. તેમજ ખેડૂતોને 1 રૂપિયા પ્રતિ કીલો પ્રમાણે વળતર પણ ચુકવવામાં આવશે.**
- આમ, ખેડૂતોને દૂધના રૂપિયા તો મળશે જ પરંતુ છાણના રૂપિયા પણ મળશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- અમારી સરકારનું જોર **અન્ન દાતાને ઊર્જા દાતા બનાવવાની સાથે ઊર્વરક દાતા બનાવવા પર છે.**
- અમે ખેડૂતોને સોલર પંપ માટે મદદરૂપ થઈ રહ્યા છીએ.
- ગોબરધન યોજનાના માધ્યમથી પશુપાલકો પાસેથી ગોબર પણ ખરીદવામા આવે છે.
- **આ ગોબર થી ડેરી પ્લાન્ટમાં વીજળી પેદા કરવામાં આવે છે. અને બાયપ્રોડક્ટ તરીકે મળેલ જૈવિક ખાત ખૂબ જ ઓછી કિંમતે ખેડૂતોને પરત આપવામાં આવે છે.**

**માનનીય અદ્યક્ષશ્રી,**

**દેશની 5 ટ્રીલીયન ઈકોનોમીમાં અગ્રેસર ગુજરાત બને તે દિશામાં આપણે પ્રયાસો હાથ ધર્યા છે.**

- માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના "સહકાર થી સમૃદ્ધિ"ના સંકલ્પને પરીપૂર્ણ કરવા તેમજ રાજ્યના તમામ ખેડૂતો સહકારી બેંક સાથે જોડાય તે હેતુસર રાજ્યમાં **બનાસકાંઠા અને પંચમહાલ જીલ્લામાં પાયલટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો.**
- સહકારી સંસ્થાઓના તમામ નાણાંકીય વ્યવહારો માત્ર સહકારી બેંકો દ્વારા જ થવા જોઈએ અને સહકારી ક્ષેત્રના આર્થિક સંસાધનોનો ઉપયોગ સહકારી ક્ષેત્રના ઉત્થાન માટે જ થવો જોઈએ અને સહકારી સંસ્થાઓમાં સહકાર વધવો જોઈએ.
- ગામે ગામ માઈક્રો એટીએમ થી ઘરે બેઠા જ રૂપિયા મળી રહેશે.
- **આ પ્રોજેક્ટ અંતર્ગત 4 લાખથી વધુ ખાતા ખોલવામાં આવ્યા છે તેમજ 700 કરોડથી વધુ થાપણો મેળવેલ છે અને 3.20 લાખ ડેબીટ કાર્ડનું વિતરણ કરવામાં આવેલ છે.**
- આ પ્રોજેક્ટના સફળ અમલ માટે,
  - **ચેરમેન શ્રી પંચમહાલ બેંક જેઠાભાઈ અને**
  - **ચેરમેન શ્રી બનાસકાંઠા બેંક સવસીભાઈને અભિનંદન પાઠવુ છું.**

**મહત્વની બજેટ જોગવાઇ**

- **રાજ્યના ખેડૂતોને ટુંકી મુદતનું 3 લાખ સુધીનું ધિરાણ 0 ટકા એ આપવામાં આવે છે. જે અંતર્ગત,**
    - **વર્ષ 2022–23  માં રૂ.1611 કરોડની વ્યાજ રાહત ચુકવાયેલ છે. અને**
    - **વર્ષ 2024–25 ના વર્ષમાં સદર યોજનામાં બજેટમાં રૂા.1140 કરોડની જોગવાઈ સુચવેલ છે.**
- **રાજયમાં જિલ્લા/તાલુકા ખરીદ વેચાણ સંઘો આર્થિક રીતે વધુ મજબુત બને અને તેના થકી ખેડૂતોને વધુ આર્થિક લાભ થાય અને વધુ સારી ઉત્તમ સેવાઓ મળી શકે તે માટે આ સંઘોને તેમના વિવિધ પ્રોજેક્ટ માટે 50 % કેપીટલ સહાયની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.**

**ગોડાઉન સબસીડી:–**

- રાજ્યમાં ખેડૂતો તથા ખેડુતો માટેની સહકારી મંડળીઓને અનાજ સંગ્રહ શક્તિમાં વધારો કરવા ગોડાઉન બાંધવા માટેની 25% કેપીટલ સબસીડીની સહાયની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- **સહકાર એટલે વિશ્વાસ**
- **સહકાર એટલે વિકાસ**
- **સહકાર એટલે જનભાગીદારી**
- **સહકાર એટલે કિસાનોનું સશક્તિકરણ**
- **સહકાર એટલે આત્મનિર્ભર ભારતની પ્રેરણા**
- **સહકાર એટલે મોટા સપના, સંકલ્પ અને સિદ્ધિ**
- **આ છે મોદીજીની ગેરન્ટી**

**માનનીય અધ્યક્ષશ્રી,**

- જે તમામ માન. ધારાસભ્યશ્રીઓ ચર્ચામાં ભાગ લીધો એ તમામ સભ્યોનો આભાર વ્યક્ત કરું છું અને સહકાર વિભાગની માંગણીઓ લઈને આવ્યો છું. એ તમામ માંગણીઓ મંજુર કરવા સન્માનનીય ગૃહના આદરણીય સભ્યોને વિનંતી કરૂં છું.
- **જે મિત્રો કાપ દરખાસ્ત લાવ્યા છે તે લોકોને ખેડૂતો અને પશુપાલકોના હિતમાં આ કાપ દરખાસ્ત પાછી ખેંચવા વિનંતી કરું છુ.**

# માર્ગ અને મકાન વિભાગની માંગણી ઉપરનું માનનીય મંત્રીશ્રીનું પ્રવચન

**માનનીય અધ્યક્ષશ્રી,**

- આપણો દેશ જયારે અમૃતકાળમાં પ્રવેશ કરી ચુકયો છે ત્યારે હું આ સન્માનનીય ગૃહ સમક્ષ માર્ગ અને મકાન વિભાગની મુડી અને મહેસુલ સદરની **માંગણી ક્રમાંક 85, 86 અને 87 અંતર્ગત કુલ રૂા.16,365.42 કરોડ અને વિભાગની સમગ્ર કુલ રૂપિયા 22163 કરોડની માંગણી લઈને ઉપસ્થિત થયો છું.**
- વર્ષ 2000−2001 ની ફાળવણીથી **42.22 ગણું એટલે કે રૂપિયા 538 કરોડની સામે આજે રૂપિયા 22163 કરોડનું આયોજન સાકાર થયેલ છે.**
- ગત વર્ષના વિક્રમજનક **71% જેટલા વધારાનો** આ અભિગમ ચાલુ રાખતાં વિભાગનું બજેટ વધારીને **રૂપિયા 22163 કરોડ કરવામાં** આવેલ છે.
- માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી માર્ગદર્શન આપતા જણાવે છે કે,

“To take India to newer (ન્યુઅર) heights, the role of Insfrastructure, railways and roads is very important”.

“Our focus is on timely completion. We will complete projects we begin”

**માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની સરકાર દ્વારા વિવિધ યોજનાઓ થકી કામો મંજુર કરી તેના ત્વરીત અમલીકરણ તથા સમયમર્યાદામાં પુર્ણ કરવા માટે જરૂરી મકકમ પગલા લીધેલ છે.**

- આંતરમાળખાકીય સુવિધાઓના ભાગરૂપે **રાજયમાં 1,31,205 કિલો મીટરના રસ્તાઓ ઉપલબ્ધ છે. જેમાં,**

| | | |
|---|---|---|
| 1. | National Express Way | 93 કિલો મીટર |
| 2. | National Highway | 7,187 કિલો મીટર |
| 3. | State Highway | 15,804 કિલો મીટર |
| 4. | Major District Road | 20,124 કિલો મીટર |
| 5. | Other District Road | 10,035 કિલો મીટર |
| 6. | Village Road | 28,382 કિલો મીટર |
| 7. | Non Plan Road | 49,580 કિલો મીટરના રસ્તાઓનો સમાવેશ થાય છે. |

- સૌ પ્રથમ આ સન્માનનીય ગૃહને ચાલુ નાણાંકીય વર્ષની કામગીરી બાબતે જણાવું તો, નાણાંકીય વર્ષ 2023–24માં વિભાગ દ્વારા **રાજ્ય અને પંચાયતના મળીને કુલ 15424 કિ.મી. લંબાઇને આવરી લેતા રૂા.14011 કરોડના 4344 કામો મંજુર કરવામાં આવેલ છે.**
- ગુજરાત દેશમાં સૌથી વધુ દરે **વિકસિત થઇ રહેલ રાજ્યો પૈકીનું મોખરાનું રાજ્ય છે.**
- હાલમાં રાજયમાં માર્ગ અને મકાન વિભાગ હસ્તકની **કુલ 1,31,205 કિ.મી. લંબાઇ** પૈકી
  - **1476 કિ.મી. લંબાઇના 6 માર્ગીય,**
  - **4907 કિ.મી. લંબાઇના 4 માર્ગીય,**
  - **6078 કિ.મી. લંબાઇના10 મીટર પહોળા માર્ગો,**
  - **12228 કિ.મી. લંબાઇના 7 મીટર /5.50 મીટર પહોળા માર્ગો ઉપલબ્ધ છે.**
- **ઉપરોકત કામો પૈકી ચાલુ વર્ષે પહોળા કરેલા માર્ગોની વાત કરીએ તો કુલ રૂા. 3023.37 કરોડના 1450.94 લંબાઇની કામગીરી પુર્ણ કરેલ છે.**
- આજે માનનીય વડાપ્રધાનશ્રીના હસ્તે અમૃત ભારત સ્ટેશન યોજના **હેઠળ રૂ.41 હજાર કરોડ**ના ખર્ચે દેશભરના **554 રેલ્વે સ્ટેશનોની કાયાકલ્પ** તથા **1500 રોડ ઓવરબ્રીજ અને અન્ડરપાસનો શિલાન્યાસ** થઈ રહ્યો છે. આજ બાબત બતાવે છે મોદીજીની ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ડેવલપમેન્ટ માટેની વીલીંગનેસ.

## "સુદર્શન સેતુ કેબલ સ્ટેઇડ"

**સોરઠ દેશ સોહામણો, મુજ જોયાના કોડ**

**રત્નાકર સાગર ઘૂઘવે, ત્યાં રાજ કરે રાજા રણછોડ,  ત્યાં રાજ કરે રાજા રણછોડ.**

- ઓખાથી બેટ દ્વારકા સુધીના સિગ્નેચર બ્રિજનું લોકાર્પણ  માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના શુભહસ્તે સંપન્ન થયું છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ઊંડા દરીયામાં સાહસિક સ્કુબા ડાઈવીંગ કરી પૌરાણિક નગરી દ્વારીકાના દર્શન કર્યા. દેશકાજ કરવા સાથે દેવકાજ કરવાનો દિવ્ય અનુભવ માનનીય પ્રધાનમંત્રીશ્રીએ મેળવ્યો.
- **રાષ્ટ્રીય ધોરીમાર્ગ–51** પર **બેટ–દ્વારકા ટાપુને દ્વારકા સાથે જોડવા માટે ભારતનો સૌથી લાંબો 900  મીટરનો કેબલ સ્ટેચડ બ્રીજ રૂ. 978.93 કરોડથી** બનાવવામાં આવેલ છે.
- આ  બ્રિજમાં નૌકાઓનાં અવન–જવન માટે 500 મીટરનો ગાળો રાખવામાં આવેલ છે.
- આ બ્રિજની કુલ લંબાઈ 2320 મીટર છે. જેમાં 900 મીટર કેબલ સ્ટેચડ ભાગ છે.
- આ બ્રિજ બનાવવામાં 15 હજાર મેટ્રિક ટન સ્ટીલ વપરાયું છે.
- આ બ્રિજ બનાવવા સ્થાનિક 4 હજારથી વધુ લોકોને રોજગારી પ્રાપ્ત થઇ છે.

- દરિયામાં આ બ્રીજનું નિર્માણ કરવું એ ખૂબ ચેલેંજિંગ કામ હતું ત્યારે મારા  માર્ગ મકાન વિભાગના બાહોશ અને કુશળ ઈજનેરો અને તજજ્ઞોની મદદથી 6 વર્ષની અંદર આ બ્રીજનું નિર્માણ થયું છે
- આ બ્રિજ દ્વારા બેટ દ્વારકા ખાતે પ્રભુ શ્રીદ્વારકાધીશના દર્શન કરવા આવતા લાખો દર્શનાર્થીઓની સુવિધામાં વધારો થશે.

## દિલ્હી–મુંબઈ ગ્રીન એક્સપ્રેસ વે : સમૃદ્ધિનો રાજમાર્ગ

- કોઈપણ રાજય કે રાષ્ટ્રના વિકાસ માટે માર્ગો એ કરોડરજ્જુ સમાન હોય છે. કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ સમગ્ર દેશમાં માર્ગોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે જે નવા ભારતના નિર્માણમાં ધોરીનસ સમાન પુરવાર થશે.
- **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વડોદરા થી ભરૂચ સુધીના એક્સપ્રેસવેના 87 કિલોમીટર લાંબા અને  રૂ.10 હજાર કરોડથી વધુના ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ વડાપ્રધાનશ્રીએ જનતાને સમર્પિત કર્યા છે.**
- પહેલો ભાગ, 31 કિમી લાંબો મનુબરથી સાંપાનો છે, જેને રૂ. 2400 કરોડથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે.
- બીજો ભાગ લગભગ 32 કિમી લાંબો સાંપાથી પાદરાનો છે, જેને રૂ.3200 કરોડથી વધુના ખર્ચે
- ત્રીજો ભાગ 23 કિમી લાંબો પાદરાથી વડોદરાનો છે, જેને રૂ.4300 કરોડથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે.
- આગામી સમયમાં દિલ્હી–મુંબઈ ગ્રીન એક્સપ્રેસ વે વડોદરા માટે વિકાસની નવી શક્યતાઓના દ્વાર ખોલશે

**રાજયના કુલ નેટવર્ક પૈકી ખુબ અગત્યના પૂર્ણ પ્રોજેકટસની વિગતો આ ગૃહ સમક્ષ રજુ કરતાં હું ગર્વ અનુભવું છું.**

1. **મહેસાણા–હિંમતનગર** રોડનું **ચાર માર્ગીયકરણ** મોડીફાઇડ એન્યુઇટી પ્રોજેકટ– કિ.મી. 61 **- રકમ રૂા. 353.25 કરોડ**
2. **બગોદરા–તારાપુર–વાસદ** રોડ મોડીફાઇડ એન્યુઇટી પ્રોજેકટ–કિ.મી.101.90 **- રકમ રૂા.1654.21 કરોડ**
3. **મહેસાણા–સિધ્ધપુર-પાલનપુર** રસ્તાનું 6 માર્ગીયકરણ પ્રોજેકટ– કિ.મી. 60.92 **- રકમ રૂા.444.60 કરોડ**
4. **સરખેજ–ગાંધીનગર–ચીલોડા** હાઈવે સર્વિસ રોડ સહીત 6 માર્ગીયકરણ – કિ.મી. 44 **- રકમ રૂા. 913.49 કરોડ**
5. **વડોદરા અને ભરૂચ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોને સાંકળતા નર્મદા નદી ઉપરના માલસર–અશા રોડ** ઉપર ચાલુ વર્ષે જ **અંદાજે રૂા. 240 કરોડના ખર્ચે** પુલનું બાંધકામ પુર્ણ કરી લોકોના ઉપયોગ માટે ખુલ્લો મુકવામાં આવેલ છે.

## રસ્તાઓની સપાટી સુધારવાની કામગીરી અંતર્ગત

- R & B (State) હેઠળ સપાટી સુધારણાની કામગીરી અંતર્ગત ચાલુ વર્ષે **3529.21 કરોડના 3838.72 કી.મી. લંબાઇના 321 માર્ગોની કામગીરી** હાથ ધરાયેલ, જે પૈકી **રૂપિયા 607.14 કરોડની** અંદાજી રકમથી **922.52 કિલો મીટર લંબાઇના 79 માર્ગોની કામગીરી પુર્ણ.**
- તે જ રીતે R & B (**પંચાયત**) **હેઠળના 1110 કિલો મીટર લંબાઇના 483 કામો રૂપિયા 231 કરોડની અંદાજી રકમથી પુર્ણ કરવામાં આવ્યા.**
- માર્ગો અને પુલોના નેટવર્કની જાળવણી માટે રૂપિયા 35 કરોડની જોગવાઈ કરી છે.

## પુલો/ફલાયઓવર / કેનાલ સ્ટ્રકચર /આર.ઓ.બી./આર.યુ.બી.ની કામગીરી

- વિભાગ હસ્તક કુલ 5684 મોટા/નાના પુલો પૈકી **457** પુલો 50 વર્ષથી વધુ આયુ ધરાવે છે.
- વિભાગ દ્વારા ગત બે વર્ષમાં આવા બધા જ સ્ટ્રકચર્સનો સર્વે કરી જરૂર જણાયે ટેસ્ટીંગ કરી મોટા પ્રમાણમાં રીહેબીલીટેશન, પુન: બાંધકામની કામગીરી હાથ ધરેલ છે.

**50  વર્ષથી વધુ આયુ વાળા પુલો પૈકી રીહેબીલીટિશન, પુન: બાંધકામ માટે રૂા.797.37 કરોડની અંદાજી રકમના 1047 જેટલા કામો મંજુર કરવામાં આવેલ છે.**

- તદઉપરાંત પુલોની કામગીરી હેઠળ વિભાગ દ્વારા નવા પુલો/ક્રોસ ડ્રેઈનેજ સ્ટ્રકચરની કામગીરી પૈકી **રૂા.2218.72 કરોડના 204 કામો હાથ ધરાયેલ છે.**

**ફલાયઓવર/અન્ડરપાસ–ગ્રેડ સેપરેટર જેવી સુવિધાની કામગીરી**

- રાજયમાં વધતા જતા શહેરીકરણના કારણે વાહનવ્યવહારને વધુ સુવિધા આપવા ફલાયઓવર/અન્ડરપાસ–ગ્રેડ સેપરેટર જેવી સુવિધાની કામગીરી અંતર્ગત **937.25 કરોડના** કામો હાથ ધરાયેલ, જે પૈકી **રૂા.220 કરોડની રકમના કામો પુર્ણ.**

**હયાત કેનાલ સ્ટ્રકચર્સ**

- માર્ગોને પહોળા કર્યા બાદ હયાત કેનાલ ઉપરના સ્ટ્રકચર્સને રસ્તાની પહોળાઇને અનુરૂપ સુધારણાં માટે કુલ 46 કામો રૂપિયા 424.68 કરોડના ખર્ચે મંજુર કરવામાં આવેલ છે જે તબક્કાવાર પુર્ણ થતાં માર્ગ સુવિધામાં વધારો થશે.

## ફાટકમુકત અભિયાન

- આપણો દેશ આગામી 25 વર્ષ માટેના લક્ષ્ય પર કામ કરી રહ્યો છે અને આઝાદીના 100 વર્ષની ઉજવણી કરશે ત્યાં સુધીમાં ભારતને વિકસિત બનાવવાનું લક્ષ્ય નક્કી કરાયુ છે
- રાજયમાં રેલ્વે ક્રોસીંગ ઉપર ટ્રાફીક જામની સમસ્યા નિવારવાની સાથોસાથ ટ્રાન્સપોર્ટેશનમાં ફ્યુઅલનો વપરાશ તેમજ **Air & Noise Pollution** માં ઘટાડો કરવાના હેતુથી **ફાટકમુકત અભિયાન શરૂ કરેલ છે.**
- **આ અભિયાનથી કાર્બન એમીશનમાં અંદાજે 10 થી 15% ઘટાડો થવાનો અંદાજ છે અને સમયની સાથે ઇંધણની પણ બચત થશે.**
- રેલ્વે ક્રોસીંગ પરના રસ્તાઓ પર વાહન વ્યવહાર અવિરતપણે ચાલતો રહે તે માટે રેલ્વે ઓવરબ્રીજ બનાવવાનું મહા અભિયાન રાજય સરકારે હાથ ધરેલ છે. તે અંતર્ગત કુલ 7225.22 કરોડના 147 કામો હાથ ધરાયેલ, **જે પૈકી રૂા.2586.07 કરોડના 60 કામો પુર્ણ.**
- ફાટકમુકત અભિયાન હેઠળ **રૂા.1050.26 કરોડના કુલ 21 રેલ્વે ઓવરબ્રીજના ડી.પી.આર. તથા પ્રિ–કન્સ્ટ્રકશન એકટીવીટીની કામગીરી પ્રગતિ હેઠળ છે.**

- **લોકપ્રિય યોજના તાલુકા થી તાલુકા અંતર્ગત**

ગુજરાતના તમામ **252 તાલુકાઓના મુખ્ય મથકોને** જોડતા રસ્તાઓની સુધારણા/મજબુતીકરણની કામગીરી અન્વયે **કુલ 1872.64 કરોડના 1363.45 કિ.મી. લંબાઇના 113 કામો હાથ ધરાયેલ,**

જે પૈકી ચાલુ વર્ષે રૂા.490.52 કરોડની અંદાજી રકમથી 516.50 કિ.મી. લંબાઇના 42 માર્ગોની કામગીરી પુર્ણ.

- **તેજ રીતે જીલ્લાથી જીલ્લાને જોડતા તથા મહાનગરોને જોડતા રસ્તાઓની સુધારણા/મજબુતીકરણ અંતર્ગત** **રૂા.1618.10 કરોડ**ની અંદાજી રકમથી **239.47 કિ.મી.** લંબાઇના **30 માર્ગોની** કામગીરી **હાથ ધરાયેલ,**

જે પૈકી ચાલુ વર્ષે રૂા.128.15 કરોડની અંદાજી રકમથી 63.37 કિ.મી. લંબાઇના 5 માર્ગોની કામગીરી પુર્ણ.

**માર્ગ સલામતી**

- માર્ગ સલામતી અંતર્ગત **કુલ 758 કિલો મીટર લંબાઇના 34 કામો રૂપિયા 50.72 કરોડની અંદાજી રકમથી હાથ ધરેલ છે.**

## "કોર નેટવર્ક"

- **“રાજયનાં સૌથી વધુ મહત્વ ધરાવતા અને સૌથી વધુ ટ્રાફીકનું વહન કરતા માર્ગોને કોર રોડ નેટવર્ક તરીકે ઓળખી કાઢવામાં આવેલ છે.”**
- રાજ્યનો મોટા ભાગનો ટ્રાફિક આ "કોર નેટવર્ક" ઉપરથી પસાર થતો હોઈ, આ માર્ગો ઉપર કરવામાં આવતી કામગીરી મોટા પ્રમાણના ટ્રાફીકને ઝડપી તથા સલામત વાહનવ્યવહારની સુવિધા પુરી પાડે છે.
- આથી આ માર્ગોની મરામત અને નિભાવણીની કામગીરી પ્રત્યે વિશેષ ધ્યાન આપવા ગત વર્ષે જાહેરાત કરેલ, જે અન્વયે કુલ 49 રસ્તાની 759.05 કિલો મીટર લંબાઈમાં રૂપિયા 1369.28 કરોડની અંદાજી રકમથી રીસરફેસીંગ/મજબુતીકરણ તથા 45 રસ્તાની રોડ ફર્નીચરની કામગીરી માટે રૂપિયા 68.83 કરોડની મંજુરી આપવામાં આવેલ છે.

## કોસ્ટલ હાઈવે

- **રાજયમાં 1600 કી.મી.ના દરિયાકાંઠા પર આવેલ ગામો, માછીમારી પર નભતા કુટુંબો તથા દરિયાકિનારા પર આવેલ પ્રવાસન સ્થળોને સાંકળતો અગત્યનો કોસ્ટલ હાઈવે... જેનાથી**
  - **વેરાવળ,**
  - **સોમનાથ,**
  - **દ્વારકા,**
  - **દાંડી,**
  - **ડુમ્મસ,**
  - **શિવરાજપૂર અને**
  - **બીચ પ્રવાસનને વેગ મળ્યો છે.**
- **જામનગર, ભરૂચ, દહેજ, કંડલા જેવા અનેક ઈન્ડસ્ટ્રીયલ સેકટરને પણ કોસ્ટલ હાઈવેનો લાભ મળ્યો છે.**
- 135 કી.મી. ની નવી લીંક સહિત 1650 કિ.મી.લંબાઈના નવા કોસ્ટલ હાઈવેને અંદાજિત રૂા.2440/– કરોડના ખર્ચે વિકસાવવાનું આયોજન છે.

- વર્ષ 2022–23 ના નોર્મલ બજેટમાં કોસ્ટલ હાઈવેની રસ્તાની કામગીરી અને પુલોની કામગીરી માટે બજેટમાં નવી આઈટમનો સમાવેશ કરેલ છે.
  - જેમાં **પ્રથમ તબક્કામાં કુલ 272.80 કિ.મી. લંબાઈના 25 રસ્તાઓને રૂા.693.49 કરોડના કામો પ્રગતિ હેઠળ છે** તથા
  - **બીજા તબક્કામાં કુલ 123.04 કિ.મી. લંબાઈના 20 કામો રૂા.285.08 કરોડના શરૂ થનાર.**

## પ્રગતિપથ

- રાજયના એક છેડે થી બીજા છેડે **અંબાજી થી ઉમરગામ, ડાંગ થી કચ્છ, વલસાડ થી બનાસકાંઠા 6 થી 8 કલાકમાં પહોંચી શકાય તેવા** ઉત્તર–દક્ષિણ અને પુર્વ–પશ્ચિમ ભાગને જોડતા **પ્રગતિપથના નવ કોરીડોરને** વધુ સલામત અને ઝડપી મુસાફરી થઇ શકે તે માટે ચારમાર્ગીયકરણ કરવાના કામ અન્વયે
- અત્યાર સુધી **રૂા.1623.12 કરોડની** અંદાજીત **રકમના 341.53 કિ.મી.ના કામો મંજુર કરેલ** જે પૈકી **રૂા.138.62 કરોડની રકમના 41.20 કિ.મી. ના 4 કામો પુર્ણ.**

## હાઇસ્પીડ કોરીડોર/એકસેસ કંટ્રોલ હાઇવે

- ચાલુ વર્ષે, નિયત કરવામાં આવેલ **7 માર્ગોને હાઇસ્પીડ કોરીડોર તરીકે વિકસાવવા તથા 1 માર્ગને એકસેસ કંટ્રોલ હાઇવેમાં** પરિવર્તિત કરવા કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે.
  - આ હાઇસ્પીડ કોરીડોર પૈકી **ભરૂચ–દહેજ રસ્તાને** એકસેસ કંટ્રોલ એકસપ્રેસ હાઇવેનું **રૂા.972.22 કરોડની અંદાજી રકમથી ટૂંક સમયમાં શરૂ થશે. જેનાથી દિલ્હી–મુંબઇ એકસપ્રેસ વે તેમજ નેશનલ હાઇવે સાથે જોડાણથી ઇન્ડસ્ટ્રીયલ ટ્રાફીક હળવો થશે.**
  - **રૂા.487.25 કરોડની અંદાજી રકમથી વટામણ-પીપળી** અને

- **રૂા.740 કરોડની અંદાજી રકમથી** ભુજ-ભચાઉ રસ્તાના અનુભાગોને પણ હાઈસ્પીડ કોરીડોરમાં રૂપાંતર કરવાની કામગીરી પી.પી.પી. મોડ હેઠળ ટુંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે.

**ખારીકટ કેનાલ:-**

- ખારીકટ કેનાલ એટલે અમદાવાદના પૂર્વ વિસ્તારનું હાર્ટ.
- ખારીકટ કેનાલની આસપાસના **22 કિમીના** વસવાટ ધરાવતા લાખો લોકોને આનો ફાયદો મળ્યો છે.
- અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારને ખારીકટ કેનાલના નવીનીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા અંદાજે **1400 કરોડના 12760 મીટરના કામ** હાથ ધરાયુ છે જે ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે.
- અમદાવાદના પૂર્વ વિસ્તારના લોકોની ખૂબ મોટી સમસ્યા હલ કરવાનું કામ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે કર્યું છે.

## વર્ષ 2016–17 થી શરૂ કરેલ ગુજરાતની મહત્વકાંક્ષી એવી "મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના" માં વર્ષ 2022–23 સુધી મંજુર થયેલ કામોની સ્થિતિ:

- **વર્ષ 2016–17 થી વર્ષ 2022–23 સુધી રૂા.25592 કરોડની અંદાજીત રકમના 66348 કિ.મી.ના 27179 કામો મંજુર કરેલ.**
- જે પૈકી **રૂા.21115 કરોડની રકમના 54745 કિ.મી. ના 22302 કામો પુર્ણ.**
- **વર્ષ 2023–2024 માં 3808 કરોડની જોગવાઈ કરી રૂપિયા 887 કરોડની રકમના 656 કામો મંજુર કરવામાં આવેલ છે.**
- આપણે કોઈ પણ ઈમરજન્સી માટે **112 નંબરની** સેવા શરુ કરવાની ઘોષણા કરી છે. આરોગ્ય માટે 108 ની સેવા ગામડે ગામડે પહોંચી રહી છે.
- રોડ રસ્તાના ઈન્ફ્રાસ્ટ્રકચરના કારણે જી.પી.આર.એસ.ની મદદથી દરેક પ્રકારની ઈમરજન્સી સેવાઓ (24x7) માત્ર **15** મિનિટમાં પહોંચી શકે છે.

## પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના

- **પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના−1 અને 2** હેઠળ વિભાગ દ્વારા **12469 કિ.મી. લંબાઈના 4522 કામો રૂપિયા 3636 કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.**
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના−3 હેઠળ ગ્રામ્ય રસ્તાઓને 3.75 મીટર થી 5.5 મીટર પહોળા કરી તેને સુદ્રઢ બનાવવાની યોજના શરૂ કરેલ છે.
- આ યોજના હેઠળ ગુજરાત રાજ્યને 3012 કિલો મીટર લંબાઈના રસ્તાઓને પહોળા કરવા માટે રૂા. 1749 કરોડ ની અંદાજી રકમથી મંજુરી આપવામાં આવેલ છે.

## National Highway

- **મે–2014 માં ગુજરાત રાજયમાં National Highway ની લંબાઈ 3870 કી.મી. હતી.**
- **વર્ષ 2023 સુધીમાં કેન્દ્ર સરકાર દ્વારા વધુ 3410 કી.મી. લંબાઈના National Highway નો ઉમેરો કરવામાં આવ્યો.**
- હાલની સ્થિતિએ રાજયમાં National Highway ની લંબાઈ 7280 કી.મી. થાય છે**. જે વર્ષ 2015ના સાપેક્ષમાં 88 ટકાનો વધારો દર્શાવે છે.**
- રાજય હસ્તકના રસ્તા **National Highway** તરીકે જાહેર થયા બાદ જરૂરિયાત મુજબ દ્વિમાર્ગીય, ચાર માર્ગીય /છ–માર્ગીય પહોળો કરવાની કામગીરી તથા મરામત અને નિભાવણીનો 100 ટકા ખર્ચ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે.
- ગુજરાત રાજયમાં રાજય સરકાર હસ્તકના **National Highway** ના વિકાસ માટે વર્ષ 2023–24માં રૂા. 2660.83 કરોડની અંદાજી રકમના કામો વાર્ષિક પ્લાનમાં મંજુર કરેલ છે. જે પૈકીના કામોમાં,
  - **National Highway નં.147** પર ઈસ્કોન થી સાણંદ ફ્લાય ઓવર સુધીનો **4.03 કિ.મી. લંબાઈના એલીવેટેડ કોરીડોર માટે રૂપિયા 530 કરોડ અને**

- ○ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.168–જી પર ઈડર–શામળાજી રસ્તાના 34.275 કિ.મી. લંબાઈમાં મજબુતીકરણ અને સુધારણાની કામગીરી માટે રૂપિયા 237.48 કરોડ.
- રાજયમાં ઔદ્યોગિક વિકાસમાં National Highway ખૂબ જ અગત્યના છે જેના થકી આંતરરાજય વાહનવ્યવહાર તેમજ પોર્ટને જોડાણ આપી માલસામાનની હેરાફેરી ઝડપથી થઈ રહી છે.

## ગુજરાતમાં લોજિસ્ટિકસ એન્ડ કનેક્ટિવિટીઃ–

- **પોર્ટ–** 1 મુખ્ય બંદર અને 48 બિન–મુખ્ય બંદરો ભારતની 40% કાર્ગો હિલચાલનું સંચાલન કરે છે.
- **રેલ–** 5220 કરતાં વધુ કિમી રેલ્વે રૂટ લંબાઈ
- **એર–**19 ઓપરેશનલ એરપોર્ટ અને 4 ઈન્ટરનેશનલ એરપોર્ટ સાથે એરસ્ટ્રીપ્સ. (અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા) અને ધોલેરામાં ભારતનું સૌથી મોટું એરપોર્ટ બની રહ્યું છે.

**રાષ્ટ્રના વિકાસને  વધુ વેગવંતો બનાવનાર** DFCC (**ડેડીકેટેડ ફ્રેઇટ કોરિડોર**) જેનો **38 ટકા હિસ્સો** ગુજરાતમાંથી પસાર થાય છે અને તેની બંને બાજુએ 150  કીમીનો વિસ્તાર વિકસી રહ્યો છે જેને પહોંચીવળવા માર્ગ અને  મકાન વિભાગ દ્વારા રોડના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવામાં આવી રહ્યા છે.

- દેશના કુલ કન્ટેનર હેન્ડલિંગના 39 ટકા હેન્ડલિંગ ગુજરાતના પોર્ટ મારફત થાય છે.

## રોડ ટુ હેવન

- ધોળાવીરા કે જેને વર્ષ 2021 માં યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજનું સન્માન આપ્યું ત્યાં સુધી પહોંચવા અને વિશ્વ પ્રસિદ્ધ ધોરડોના સફેદ રણ સુધી પહોંચવા માટે 30 કિ.મી. લાંબા રોડ ટુ હેવનનું નિર્માણ થયું છે.
- જેના થકી પ્રવાસીઓ ખૂબ સરળતાથી પહોંચી શકે છે.
- **ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને વેગ આપવામાં ગુજરાતના મજબૂત માર્ગ ઈન્ફ્રાસ્ટ્રકચરનો મહત્વનો રોલ રહેલો છે**
- વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.
- **વર્ષ 2022માં 13 કરોડથી વધુ પર્યટકોએ ગુજરાતની મુલાકાત લીધી છે.** કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલયે આ આંકડા જાહેર કર્યા છે.
- **છેલ્લા 10 વર્ષમાં ગુજરાત વિદેશી પ્રવાસીઓની મુલાકાતમાં પણ અવ્વલ રહ્યુ છે.**
- **વર્ષ 2011 થી અત્યારસુધીમાં 30 લાખથી વધારે પ્રવસીઓએ કચ્છના રણની મુલાકાત લીધી છે.**
- **વિશ્વના સૌથી મોટા સ્ટેચ્યુ ઓફ યુનિટીની 5 કરોડથી વધુ લોકોએ મુલાકાત લીધી છે**

- **માર્ગ અને મકાન વિભાગ સંબંધિત હાલ પ્રગતિ/ આયોજન હેઠળ હોય તેવા મહત્વના પ્રોજેક્ટ પૈકી,**
  - **અમદાવાદ–મુંબઇ હાઇસ્પીડ રેલ્વે (બુલેટ ટ્રેન) પ્રોજેકટ ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે. જેમાં રાજય સરકાર દ્વારા 25 ટકા લેખે મુડી રોકાણ પેટે આજ દિન સુધી રૂપિયા 5000 કરોડ ઇકવીટી પેટે આપવામાં આવેલ છે.**

## CRF (સેન્ટ્રલ રોડ ફંડ)

- ભારત સરકારની કેન્દ્રીય પૂરસ્કૃત યોજના હેઠળ રાજયના રસ્તાઓની મજબુતીકરણ, પહોળા કરવાની કામગીરી માટે 538.46 કિ.મી. લંબાઇના કુલ 33 કામો રૂપિયા 904.54 કરોડના ખર્ચે મંજુર કરેલ છે.
- આ જ યોજના હેઠળ રાજયના લેવલ ક્રોસીંગ પર રોડ ઓવર બ્રીજના બાંધકામ માટે કુલ 16 કામો રૂપિયા 1000 કરોડના ખર્ચે મંજુર કરેલ છે જેની કામગીરી ટુંક સમયમાં હાથ ધરાનાર છે.

## નરેન્દ્રભાઈના પ્રધાનમંત્રી બનતાની સાથે જ વર્ષ 2014 પછી રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવેના બજેટ ફાળવણીમાં 500 ટકાનો વધારો.

- **દુનિયામાં સર્વસ્વીકૃત છે કે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે ક્વોલિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ જ એક એવો માર્ગ છે જે અનેક આર્થિક ગતિવિધિઓને જન્મ આપે છે અને મોટા પ્રમાણમાં રોજગારીનું નિર્માણ પણ કરે છે.**
- **પી.એમ. ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન હોલિસ્ટિક ગવર્નન્સને આભારી છે.**

## ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ દ્વારા હાથ ધરાઈ રહેલ પ્રોજેક્ટસ પૈકી,

- ભરૂચ/દહેજના ઔધોગિક વિસ્તારને જોડતા ભરૂચ દહેજ રસ્તા પર **રૂપિયા 420.00  કરોડના ખર્ચે** ભોળાવ જંક્શનથી શ્રવણ જંકશન સુધી 3.4 કીમી લંબાઈનો છ માર્ગીય એલીવેટેડ કોરીડોર જેમાં હયાત રેલવે ઓવરબ્રીજ ઉપર ડબલ હાઈટ પર **રેલવે ઓવરબ્રીજની કામગીરી પ્રગતિ હેઠળ છે.**
- કીમ-માંડવી રાજ્ય ધોરીમાર્ગ-65ના **39.60  કી.મી. લંબાઈના** રસ્તાને વિકસાવવા માટે **રૂપિયા 200  કરોડની કામગીરી પ્રગતિ હેઠળ છે.**
- હિંમતનગર બાયપાસ રસ્તાને **રૂપિયા 74.74 કરોડના ખર્ચે ચાર માર્ગીય કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.**

## પાટનગર યોજના પ્રભાગ

- અમદાવાદ શહેરમાં મેમનગર ખાતે **રૂપિયા13.10  કરોડના ખર્ચે કર્મચારીઓ માટે 52 યુનિટ (1 ટાવર) નું બાંધકામ પૂર્ણ**
- **અમદાવાદ/ગાંધીનગર ખાતે નવા 3020 ક્વાટર્સનું બાંધકામ રૂ.681.09 કરોડની અંદાજી રકમથી પ્રગતિ હેઠળ**
- **માનનીય ધારાસભ્યશ્રીઓ માટે નવું સદસ્ય નિવાસ બાંધવાનું કામ રૂપિયા 290.00  કરોડની અંદાજીત રકમ કામ હાલ પ્રગતિમાં છે.**
- પેથાપુર ચાર રસ્તા, પી.ડી.પી.યુ., રાજસ્થાન સર્કલ પર ફ્લાયઓવરના બાંધકામની કામગીરી હાથ ધરાઈ રહેલ છે.
- સાબરમતી નદી પર ગાંધીનગર તાલુકાના સાદરા ગામ અને કલોલ તાલુકાને જોડતા પુલનું બાંધકામ રૂપિયા 89.00  કરોડની અંદાજી રકમથી પ્રગતિમાં છે.
- માણસા-બાલવા રસ્તાના 8 કિ.મી. લંબાઈમાં ફોરલેનની કામગીરી રૂ.40 કરોડની અંદાજી રકમથી પ્રગતિ હેઠળ

## મકાનો

આ વિભાગ દ્વારા જીલ્લા સેવા સદન, તાલુકા સેવા સદન સહીતની અન્ય વિભાગોની કચેરીઓ તથા આવાસોના બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવે છે. જેમાં

**સુનિયોજીત આયોજન, ભૂકંપ પ્રતિરોધક ડીઝાઇન, અદ્યતન લેન્ડ સ્કેપીંગ, પાર્કિંગ, વરસાદી પાણીનો સંચય, ફાયર ફાયટીંગ, લીફ્ટ, ફર્નિચર** વગેરે સુવિધા સાથેના ભવનો બાંધવામાં આવે છે.

**માર્ગ અને મકાન વિભાગના રહેણાંક/બિન રહેણાંક મકાનો માટે વર્ષ 2024−25 માં કુલ રૂપિયા 362.93 કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.**

- આ ચાલુ યોજનાના કામો ઉપરાંત જીલ્લા તેમજ તાલુકા મથકોએ કચેરીઓના સમાવેશ માટે બહુમાળી ભવનોના બાંધકામની નવી બાબત માટે રૂા 15.01 કરોડની જોગવાઇ.

## અન્ય વિભાગના મકાનો

**વર્ષ 2023−24માં અન્ય વિભાગના મકાનોની કામગીરી અંતર્ગત રૂા. 2542.88 કરોડના 345 કામો હાથ ધરવામાં આવ્યા. તે પૈકી 364.58** કરોડના કામો પુર્ણ.

## તાલીમ અને સંશાધન:

- વિભાગ દ્ધારા ઈજનેરોના કૌશલ્યવર્ધન માટે **ચાલુ વર્ષે વિવિઘ પ્રકારના 50 થી વધુ તાલીમ કાર્યક્રમો થકી 1600 થી વધુ અધિકારીઓને** તાલીમ આપવામાં આવેલ છે.

## નવી જગ્યાઓ ઉભી કરવી

- વિભાગની કામગીરી વધુ સુદ્રઢ થાય તે હેતુથી જરૂરીયાત પ્રમાણે નવી જગ્યાઓ ઉભી કરવાની માંગણીનો સ્વીકાર કરવામાં આવેલ છે. જે મુજબ વિવિઘ કેડરની **કુલ 791 નવી જગ્યાઓ** ઉભી કરવાનું આયોજન થયેલ છે.

## ઈનોવેટીવ ટેકનોલોજીનો ઉપયોગ:

- રોડ કન્સ્ટ્રક્શન ક્ષેત્રે પણ ઈનોવેટીવ ટેકનોલોજી અને ખાસ કરીને ગુણવત્તાને પ્રાધાન્ય આપવું ખૂબ જ જરૂરી છે.
- 20 વર્ષ બાદ ગુજરાત ખાતે ભારત સરકારની મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે હેઠળની સર્વોચ્ચ સંસ્થા **"ઈન્ડીયન રોડસ કોંગ્રેસ" ના 82માં અધિવેશનનું મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે સફળતાપુર્વક આયોજન હાથ ધરાયુ.**
- **આ કાર્યક્રમની ફળશ્રુતિ એ રહી કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારત @2047 ને સાકાર કરવા રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સડક તથા બ્રિજ નિર્માણમાં ગ્લોબલ ટેકનોલોજીના ઉપયોગ સાથે ક્વોલિટી વર્ક અપનાવવા ભાર મૂકાયો.**
- **આત્મનિર્ભર ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા તેમજ ભારતને પાંચ ટ્રિલિયન ઈકોનોમી બનાવવા માટે વૈશ્વિક કક્ષાએ થતી બેસ્ટ પ્રેક્ટિસીસથી પ્રેરણા લઈ આ ક્ષેત્રની સાંપ્રત ટેકનોલોજી અને ઈનોવેટીવ વિચારોને પ્રોત્સાહન આપવું જોઈએ.**
- અમારી સરકાર વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાનો પ્રયાસ કરે છે **તેનો પ્રત્યક્ષ પુરાવો છે**...

- **ગુજરાત સરકારે અમદાવાદ– ધોલેરા હાઈવે બનાવવા માટે 25 લાખ ટન પ્લાસ્ટિક વેસ્ટનો ઉપયોગ કરીને એક ઈકોલોજીકલ પર્યાવરણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.**
- પર્યાવરણના ભોગે વિકાસ કરવો યોગ્ય નથી. નવીન રોડ બનાવવા માટે વૃક્ષો કાપવા કરતા તે વૃક્ષોનું યોગ્ય જગ્યાએ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે છે.

## વાઈબ્રન્ટ ગુજરાતની ભવ્ય સફળતાથી આજે

- **પીન થી લઈને પ્લેન સુધીનું મેન્યુફેક્ચરીંગ ગુજરાતમાં થઈ રહ્યુ છે.**
- ટેક્ષટાઈલ હોય કે ફાર્મા, એન્જીનીયરીંગ ક્ષેત્ર હોય કે ડાયમંડ ગુજરાતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લીધે વાઈબ્રન્ટ ગુજરાતની ભવ્ય સફળતાના આપણી સમક્ષ છે.
- વર્ષ 2024માં આયોજીત થયેલ **વાઈબ્રન્ટ ગુજરાતમાં 26.33 લાખ કરોડના MOU** થયા છે.
- **Fortune 500 વૈશ્વિક કંપનીમાં સ્થાન ધરાવતી 100 થી વધુ કંપનીઓ ગુજરાતમાં કાર્યરત.**
- **254 જી.આઈ.ડી.સી.**
- **વિશ્વનો સૌથી મોટો 30000 મેગા વોટની ક્ષમતા ધરાવતો વિન્ડ સોલર હાઈબ્રીડ પાર્ક કચ્છમાં**
- **20.7 ટકાના હિસ્સા સાથે ભારતમાં વિદેશી પ્રવાસીઓની મુલાકાતોના સંદર્ભમાં ગુજરાત પ્રથમ ક્રમે**
- **આ બધું જ શક્ય બન્યું છે ગુજરાતની ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઈકોસિસ્ટમના કારણે.**
- **વડાપ્રધાનશ્રીએ મૂકેલો "ગુજરાત કેન એન્ડ ગુજરાતીઝ વિલ."નો  વિશ્વાસ આજે સૌના સાથ સૌના વિકાસના મંત્રથી ચરિતાર્થ થયો છે.**

## આગામી વર્ષનું આયોજન

- આગામી વર્ષ માટે લક્ષિત વિકાસને ધ્યાનમાં રાખી કેટલીક નવી બાબતોનો સમાવેશ બજેટમાં કરવામાં આવેલ છે.
- **"રાજ્યના કોર રોડ નેટવર્કમાં સમાવિષ્ટ રસ્તાઓની સુધારણા, અપગ્રેડેશન, વાઈડનીંગ અને મજબૂતિકરણની કામગીરી"** નો **કુલ રૂપિયા 2000 કરોડની અંદાજી રકમથી સમાવેશ કરી રૂપિયા 700 કરોડની જોગવાઈ સુચવેલ છે.**
- **"રાજ્યના બંદરોને જોડતા હયાત રસ્તોઓની સુધારણા, વાઈડનીંગ તથા મજબુતીકરણ જરૂરી સ્ટ્રકચર અને રોડ સેફટી સંબંધિત કામગીરી."**નો **રૂપિયા 800 કરોડની અંદાજી રકમથી સમાવેશ કરી રૂપિયા 300 કરોડની જોગવાઈ સુચવેલ છે.**
- "રાજ્યના ઔધોગિક વિસ્તારો અને ખાણ ખનિજ વિસ્તારોને જોડતા રસ્તાઓની સુધારણા, અપગ્રેડેશન, વાઈડનીંગ અને મજબૂતીકરણની કામગીરી"નો **રૂપિયા 1200 કરોડની અંદાજી રકમથી સમાવેશ કરી રૂપિયા 450 કરોડની જોગવાઈ સુચવેલ છે.**
- **જુનાગઢ અને પોરબંદર જીલ્લાઓનાં ઘેડ વિસ્તારના** રસ્તાઓનાં વિકાસ માટે **રૂપિયા 50 કરોડની અંદાજી રકમથી સમાવેશ કરી રૂપિયા 20 કરોડની જોગવાઈ સુચવેલ છે.**

## માર્ગ વિકાસની ફાળવણીનો સારાંશ

માર્ગ અને મકાન વિભાગની વર્ષ 2024–25માં સુચવેલ કુલ **રૂપિયા 22163** કરોડની જોગવાઇ પૈકી મુખ્યત્વે,

### મહત્વની કામગીરી

| **ચાલુ બાબતો** | **જોગવાઇ** (રૂ. કરોડ) |
|---|---|
| • તાલુકા મથકને તાલુકા મથક તથા જિલ્લા મથક સાથે જોડતા રસ્તા | 2394.98 |
| • નવા પુલો તથા જુના/નબળા પુલોનું મજબુતીકરણ/પુન: બાંધકામ | 783.26 |
| • પ્રગતિપથ કોરીડોરનાં રસ્તાઓનું ચાર માર્ગીયકરણ | 330.67 |
| • 7 વર્ષથી રિસરફેસ ન થયેલ રાજ્ય વિભાગ હસ્તક ગ્રામ્ય/ મુખ્ય જિલ્લા માર્ગો/ અન્ય જિલ્લા માર્ગોનું રિસરફેસીંગ | 235 |
| • માર્ગ અને મકાન,પંચાયત વિભાગમાંથી રાજય વિભાગમાં તબદીલ થયેલ મુખ્ય જિલ્લા માર્ગોની સુધારણા | 265.20 |
| • પ્રવાસીપથ | 275 |
| • રાજયના કાંઠાળા વિસ્તારોને જોડતો 10  મીટર પહોળો કોસ્ટલ હાઈવે | 216.79 |

| **ચાલુ બાબતો** | **જોગવાઇ (રૂ. કરોડ)** |
|---|---|
| • રાજ્યના પ્રવાસન સ્થળો દ્વારકા-શિવરાજપુર,પાવાગઢ-જાંબુઘોડા (રીંછ અભયારણ્ય), ઘોરડો-ધોળાવીરા, વડનગર-ઘરોઇ-અંબાજી, સાસણ-સોમનાથ-દીવ, એકતાનગરને જોડતા રસ્તાઓને ટુરીસ્ટ સરકીટ અન્વયે વિક્સાવવા | 526.10 |
| • રાજ્યના વિવિધ વિકાસ પામતા શહેરો અને ગામડાઓને જોડતા પરિક્રમાપથના ભાગોને જરૂરિયાત મુજબ પહોળા તથા મજબુતીકરણ કરવાની કામગીરી | 318 |
| • રાજ્યના ભારે ટ્રાફીક ધરાવતાં રસ્તાઓને હાઈસ્પીડ કોરીડોર અંતર્ગત વિક્સાવવા | 222.36 |
| • ભરૂચ દહેજ રસ્તાને એક્સેસ કન્ટ્રોલ એક્સપ્રેસવે તરીકે વિક્સાવવા | 230 |
| • રાજ્યના ભારે ટ્રાફીક ધરાવતાં રસ્તાઓને એન્યુઈટી અથવા હાઈબ્રીડ એન્યુઈટી અંતર્ગત વિક્સાવવા | 160 |

| ગ્રામ્ય રસ્તા | જોગવાઇ (રૂ. કરોડ) |
|---|---|
| • નોન-પ્લાન રસ્તા (કાચા મેટલ થી ડામર) | 1986.29 |
| • ગ્રામ્ય માર્ગોની સુધારણા (અન્ય જિલ્લા માર્ગ સહિત) | 1172.50 |
| • પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના | 600 |
| • કિસાન પથ / સુવિધાપથ | 527.50 |
| • હયાત કોઝવેના સ્થાને ઉંચા પુલો / સ્ટ્રકચર, ખૂટતી કડી/નાળા | 898 |
| • અન્ય જિલ્લા માર્ગ/મુખ્ય જિલ્લા માર્ગ/થ્રુ રૂટ વાઇડનીંગ | 455 |
| **વનબંધુ કલ્યાણ યોજના–2 હેઠળ,** | |
| • ગામમાંથી શાળાએ જવા પાકા રસ્તા તથા પુલોનું બાંધકામ | 185.55 |
| • ગામમાંથી આરોગ્ય કેન્દ્ર સુધી જવા પાકા રસ્તા તથા પુલોના બાંધકામ | 78.80 |

## અંતમાં

ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે માનનીય નરેન્દ્રભાઈના માર્ગદર્શન હેઠળ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વિકાસકામો અવિરત ચાલી રહ્યા છે. એટલે જ કહેવાય છે કે...

- **રાજકોટમાં એઈમ્સની સ્થાપના થવી (સમગ્ર ભારતમાં વર્ષ 2014માં ફક્ત 6 એઈમ્સ, વર્ષ 2023માં 26 એઈમ્સ) તે છે મોદીની ગેરંટી.**
- **ભગવાન દ્વારકાધીશના દર્શન માટે સુદર્શન સેતુનું નિર્માણ થયું એ છે મોદીની ગેરંટી.**
- **રિવરફ્રન્ટનું નિર્માણ તે છે મોદીની ગેરંટી**
- **ગિફ્ટ સીટી– ડાયમંડ સીટી એટલે મોદી કી ગેરંટી**
- **મેટ્રો ટ્રેન દ્વારા ટ્રાન્સપોર્ટેશનની સુવિધા શરૂ થવી તે છે મોદીની ગેરંટી.**
- **બુલેટ ટ્રેન પ્રોજેક્ટની સફળતા એટલે મોદીની ગેરંટી.**
- **છેલ્લા 10 વર્ષમાં સૌથી વધુ એરપોર્ટ બન્યા (74 થી વધી 148 થયા) તે છે મોદીની ગેરંટી.**
- **રોડ કનેક્ટીવીટી, રેલ્વે કનેક્ટીવીટી અને એર કનેક્ટીવીટી આપવાની ગેરંટી એટલે મોદીની ગેરંટી**

**રાજયના સર્વાંગી વિકાસમાં માર્ગ અને મકાન વિભાગની કામગીરીનો લાભ રાજયના દરેક નાગરીકને મળે અને સૌનો સાથ સૌનો વિકાસ એ સોનેરી સુત્ર સાચા અર્થમાં સાકાર બને તે માટે રૂપિયા 22,163 કરોડની માંગણીઓ લઈ આપની સમક્ષ ઉપસ્થિત છું. જેને આપ સૌ આવકારીને સર્વાનુમતિથી મંજૂર કરવા તથા કાપ દરખાસ્તને પરત ખેંચવા આપ સૌને વિનંતી કરૂં  છું.**